B A O U


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

“જ્યોર્તિમય” પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# સત્રીયકાર્ય ફેબ્રુઆરી-૨૦૧૭

## સ્નાતક પદવી અભ્યાસક્રમ : (BDP)

### પાઠયક્રમ શીર્ષક

**FHS-01**

**માનવવિદ્યાઓ અને સમાજવિજ્ઞાનોમાં બુનિયાદી અભ્યાસક્રમ:- FHS-01**

**અગત્યની સૂચનાઓ**

- વિદ્યાર્થીઓએ પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના રહેશે.
- સત્રાંત પરીક્ષા આપવા માટે સ્વાધ્યાય કાર્ય રજુ કરવા ફરજીયાત છે. સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ નહીં હોય, તો પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૦/૦૭/૨૦૧૭ છે. આ તારીખ પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહી.
- જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોની પહોંચ અભ્યાસકેન્દ્ર પરથી લેવી ફરજીયાત છે.
- વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથેના સ્વાધ્યાયકાર્યો અભ્યાસ કેન્દ્ર પરથી અવશ્ય પરત લેવા.
- વિદ્યાર્થી પોતાના સ્વાધ્યાયકાર્યોના ગુણ યુનિવર્સિટીની વેબ-સાઈટ પર જોઈ શકશે.

# **સત્રીયકાર્ય માટે આવશ્યક સુચનાઓ**

## **પ્રિય વિદ્યાર્થી મિત્રો**

*આપને દરેક પાઠયક્રમદીઠ એક સત્રીયકાર્ય તૈયાર કરવાનું ફરજિયાત છે. દરેક સત્રીયકાર્ય તમામ અભ્યાસ-સામગ્રી પર આધારીત હોય છે.*

*સત્રીયકાર્ય તૈયાર કરી આપના અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રી પાસે જમા કરાવવું અને તેની પાવતી અવશ્ય લેવી. દરેક સત્રીયકાર્યની ઝેરોક્ષ નકલ આપની પાસે રાખવી.*

*દરેક સત્રીયકાર્યના ૧૦૦ ગુણ નિશ્ચિત છે. જેમાં પાસ થવા માટે* B.A./B.com.*માં ૩૬ ગુણ લાવવા જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% હોય છે. અભ્યાસકેન્દ્ર દ્વારા મૂલ્યાંકન કરાવેલ સત્રીયકાર્યો પરીક્ષામાં વાંચવા માટે પરત અવશ્ય લેવું. અભ્યાસકેન્દ્ર આપના સત્રીયકાર્યના ગુણો યુનિવર્સિટી અમદાવાદ ખાતે મોકલી આપશે. જે આપની માર્કશીટમાં ગુણગ્રેડ યાદીમાં સામેલ કરી (૭૦% પરીક્ષા અને ૩૦% સ્વાધ્યાયકાર્ય) ફાઈનલ ગુણગ્રેડ માર્કશીટ તૈયાર થશે.*

*આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. આપ વાંચનથી જે શીખ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી આપ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.*

*યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે* B.A./B.Com. *ના પ્રથમ ,દ્વિતિય તથા તૃતિય વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીંગ બૉડની* (A.P.B. *મંજૂરી થી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે આપને આપના અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયાર કરી, આપના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.*

*આપના પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.*

| | |
|---|---|
| *નોંધણી નંબરઃ-*____________________ | *અભ્યાસક્રમઃ-*____________________ |
| *પૂરૂં નામઃ-*____________________ | *પાઠ્યક્રમઃ-*____________________ |
| *સરનામુંઃ-*____________________ | *સ્વાધ્યાય સંખ્યાઃ-*____________________ |
| *મોબાઈલ નંબરઃ-*____________________ | *તારીખઃ-*____________________ |

*અમે ઈચ્છીએ છીએ કે આપ દરેક સત્રીયકાર્ય અલગ-અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે નિયત સમય મર્યાદામાં તૈયાર કરી અભ્યાસકેન્દ્ર પર જમા કરાવશો. મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે પોતાના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.*

*જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જે ધ્યાને લેવું.*

**શુભેચ્છા સહ,**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- :- FHS-01:માનવવિદ્યાઓ અને સમાજવિજ્ઞાનોમાં બુનિયાદીઅભ્યાસક્રમ**

**સત્રીયકાર્ય કોડ :- FHS-01/AST-01/TMA/2017**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/07/2017** **(કુલ ગુણ:-100)**

*વિભાગ –ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબો ૧૫૦૦ શબ્દોમાં આપો. (૨× ૨૦=૪૦)*

૧ માનવી એક ચિંતનશીલ પ્રાણી છે. વર્ણન કરો.

અથવા

નદી ખીણની સભ્યતાઓ સવિસ્તાર સમજાવો.

૨ ભારતીય રાષ્ટ્રીય આંદોલનનો ગાંધીજીનો સમય ટૂંકમાં દર્શાવો.

અથવા

ભારતનાં વિકાસનાં ઉદ્દેશ્યો તથા સમસ્યાઓ વર્ણવો.

વિભાગ -ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં જણાવો. (ગમેતે બે) (૨×૧૫=૩૦)

૧ રાષ્ટ્રીય એકતાની સમસ્યા જ્ઞાતિ-જાતી સાથે સંકળાયેલી છે સમજાવો.

૨ ભારતીય સમવાયતંત્રનો અર્થ અને લક્ષણો સમજાવો.

૩ ભારતીય સમાજમાં સ્ત્રીઓનાં શિક્ષણ વિશે નોંધ લખો.

૪ આણ્વિક વિશ્વમાં શાંતી માટેની સમસ્યાઓ દર્શાવો.

વિભાગ -ગ નીચે આપેલા પ્રશ્નોના વિશે ટૂંકમાં જવાબ લખો. (ગમે તે ચાર) (૪×૫=૨૦)

૧ પ્રત્યક્ષ વાદ એટલે શું?

૨ હડપ્પીય શહેરોની મુખ્ય વિશેષતાઓ લખો.

૩ ભારત છોડો આંદોલનની મુખ્ય વિશેષતાઓ કઈ હતી?

૪ ભારતીય આયોજનનાં કોઈપણ પાંચ ઉદ્દેશ્યો લખો.

૫ સ્થિર મૂડી એટલે શું?

**વિભાગ –ધ MCQઆધારિત પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ શોધી જવાબ આપો. (ગમે તે દશ) (૧×૧૦=૧૦)**

**(અ) હા – ના માં જવાબ આપો.**

*(૧) કુટુંબની આર્થિક સ્થિતિની સાથે સાથે સ્ત્રીને રોજગારીથી દૂર કરવામાં આવે છે. હા – ના*

*(૨) બુનિયાદી શિક્ષણનો હેતુ, શિક્ષણનાં સંદર્ભમાં બુનિયાદી નીતિનો છે. હા – ના*

*(૩) જાતિવાદ વૈજ્ઞાનિક છે. કારણકે, તે આપણને માનવી કેવી રીતે અહંકારી બન્યો તેની સમજ આપે છે. હા-ના*

FHS-01

*(૪) બીજા વિશ્વ યુધ્ધમાં એટમ બોંબથી યુરોપનાં શહેરો નાશ પામ્યા હતા. હા – ના*

*(૫) પૂર્વ કલ્પના એટલે વિશેષ તપાસનાં પાયા તરીકે સાચું હોઈ શકે તે હકીકતની સમજૂતી હા – ના*

**(બ) ખાલીજગ્યા પૂરો.**

*(૧) કાળખંડોની ગણતરી કરવા માટેની વૈજ્ઞાનિક પધ્ધતિને -------- કહે છે.*

*(૨) બળદનાં ખભા ઉપર બાંધવામાં આવતા લાકડીનાં ખાંચાને -------- કહે છે.*

*(૩) ગાંધીજીના સંઘર્ષ કરવાની -------- એક રીત હતી.*

*(૪) વસ્તી સંક્રમણનાં પ્રથમ તબકકામાં અર્થતંત્ર આર્થિક રીતે ------- હતું.*

*(૫) પ્રાપ્ત માહિતીનાં ચલનનાં સાપેક્ષ પ્રસાર માનતા માપને ------- કહે છે.*